પેપર નં. ૩

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. ધર્મસુધારક જહોન વિકલિફના અવસાન બાદ તેના સમર્થકો ..... નામે ઓળખાય છે.

૨. હિટલરે જેલવાસ દરમ્યાન ..... નામનું પુસ્તક લખ્યું.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

'અ'	'બ'
૧. ઈ.સ. ૧૭૮૩	૧. રાજાને પદભ્રષ્ટ કરી ફ્રાન્સને પ્રજાસત્તાક જાહેર કર્યું.
૨. ઈ.સ. ૧૭૮૭	૨. પેરિસની સંધિ થઈ.
૩. ઈ.સ. ૧૭૯૨	૩. અમેરિકન સંસ્થાનોનો સંઘ રચાયો.

(બ) નીચેનાં વિધાનોનાં કોઈપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. ઇટાલીને નવજાગૃતિની માતૃભૂમિ કહેવાય છે.

૨. ઔદ્યોગિક ક્રાંતિથી કૃષિક્ષેત્રે નવા પરિવર્તનો આવ્યા.

૩. અમેરિકન ક્રાંતિ વિશ્વના પરાધીન દેશો માટે પ્રેરણારૂપ નિવડી.

૪. વિશ્વમાં બિન જોડાણ જૂથનો ઉદય થયો.

(ક) નીચેના વિધાનો સમજાવો. (ગમે તે બે) (૩)

૧. 'એક પક્ષ, એક પ્રજા અને એક નેતા' એ નાઝી પક્ષનો મુખ્ય આદર્શ હતો.

૨. જ્યાં જ્યાં જર્મન, ત્યાં ત્યાં જર્મની.

૩. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગ વિગ્રહને જન્મ આપ્યો.

(ડ) નીચેના વિશે ટૂંક નોંધ લખો. (ગમે તે બે) (૬)

૧. સોવિયત સંઘનું વિઘટન.

૨. દ્વિતીય વિશ્વયુદ્ધના પરિણામો.

૩. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ની સ્થાપના ના મુખ્ય હેતુઓ.

૨. (અ) (A) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૬)

૧. યુરોપમાં ધર્મયુદ્ધની ઝુંબેશ શા માટે શરૂ થઈ ?

૨. લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું હતું ?

૩. સલામતી સમિતિનું મુખ્ય કાર્ય શું છે ?

૪. પશ્ચિમ એશિયાના કયા દેશોમાં ખનીજ તેલના વિપુલ ભંડારો છે ?

૫. ફાસીસ્ટ પક્ષનું પ્રતિક કયું હતું ?

૬. ફ્રેન્ચ રાજ્ય ક્રાંતિએ જગતને કયા સિદ્ધાંતો આપ્યા ?

(B) શબ્દોની સંકલ્પના સમજાવો. (૨)

૧. ઠંડું યુદ્ધ. ૨. સામંતશાહી.

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. ઇટાલીની સામ્રાજ્યવાદી નીતિ સમજાવો.

૨. ફ્રાન્સના રાજા લુઇ ૧૬મા એ એસ્ટેટ જનરલની બેઠક શા માટે બોલાવી ?

૩. ઝારે પ્રજા પર આકરા કરવેરા શા માટે નાખ્યા હતા ?

૪. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થવાનું તાત્કાલિક કારણ કયુ હતું ?

(ક) નીચેના વિધાનોના કારણો લખો. (ગમે તે બે) (૩)

૧. ભારતે બિનજોડાણવાદની નીતિ સ્વીકારી.

૨. સામાજિક વનીકરણ સમાજ માટે ખૂબ ઉપયોગી છે.

૩. યુનિસેફ સંસ્થા વિશ્વના આર્થિક પછાત રાષ્ટ્રો માટે આશીર્વાદરૂપ બની છે.

(ડ) નીચેના વિશે ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૬)

૧. પર્યાવરણની જાળવણી માટે નાગરિકની ફરજો.

૨. નિઃશસ્ત્રીકરણની આવશ્યકતા.

૩. (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે ચાર) (૪)

૧. શાંતિમય સહઅસ્તિત્વ એટલે શું.

૨. રંગભેદની નીતિ સામે ગાંધીજીએ શા માટે વિરોધ કર્યો હતો ?

૩. ભારતના પાડોશી દેશો કયા કયા છે ?

૪. નેપાલને બફર રાજ્ય શાથી ગણવામાં આવે છે ?

૫. ગ્રીન હાઉસ ઈફેક્ટ કોને કહેવામાં આવે છે ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. ધર્મ અને પર્યાવરણ એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે ?

૨. માનવ હક્કો સામે કઈ કઈ સમસ્યાઓ સર્જાઈ છે ?

૩. વિદેશનીતિ ઉપર કયા કયા પરિબળો અસર કરે છે ?

૪. ભૂતાનના વિકાસ માટે ભારતે કઈ કઈ મદદ કરી ?

(ક) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે પાંચ) (૫)

૧. બજાર ૨. લેણદેણની તુલા ૩. આયોજન

૪. પ્રચ્છન્ન બેકારી ૫. રાજકોશીય નીતિ ૬. હરિયાળી ક્રાંતિ.

(ડ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે પાંચ) (૫)

૧. મજૂર બજાર એટલે શું ?

૨. શ્રમ પ્રધાન ચીજ એટલે શું ?

૩. સાપેક્ષ ગરીબાઈ એટલે શું ?

૪. આયોજનના મુખ્ય અંગો કયા કયા છે ?

૫. લોકતાંત્રિક આયોજનમાં મોટા ભાગના નિર્ણયો કોના દ્વારા લેવાય છે ?

૬. રૂપિયાની ખરીદશક્તિ કેમ ઘટી છે ?

૪. (અ) નીચેના વિધાનોના કારણો લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. સરકાર પરદેશથી આયાત થતી વસ્તુ અટકાવે છે.

૨. વિદેશી સહાય દેશની આંતરિક બચત માટેની પૂર્તિ કરે છે.

૩. યોજનાનું મૂલ્યાંકન એ આયોજન માટે જરૂરી છે.

૪. ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

(બ) (A) નીચેના વિધાનોની ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ડાંગર ..... કટિબંધનો પાક છે.

૨. ભારતમાં રેલ્વેની શરૂઆત ઈ.સ. ..... માં થઈ.

(B) નીચેના વિશે ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. શક્તિ મેળવવાના બિન પરંપરાગત સ્ત્રોત. ૨. ભારતની સાગર સંપત્તિ.

(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે પાંચ) (૫)

૧. ભારતમાં અતિગીચ વસ્તીના પ્રદેશો કયા છે ?

૨. ભારતમાં કયા ક્ષેત્રોમાં હીરા મળે છે ?

૩. વડોદરાના ઈંડઈક સંકુલમાં શું શું બનાવવામાં આવે છે ?

૪. પુનઃપ્રાપ્ય સાધનો એટલે શું ?

૫. ખનીજ એટલે શું ?

૬. નારિયેળીને કેવી આબોહવા અને જમીન માફક આવે છે ?

(ડ) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (ગમે તે ચાર) (૮)

૧. એસ.ટી.ડી. ૨. કુટિર ઉદ્યોગ. ૩. ઉચ્ચ પ્રદેશ.

૪. ડોંગા પદ્ધતિ. ૫. મોસમી આબોહવા.

૫. (અ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર) (૮)

૧. હિમાલયની ઉપયોગિતા શી છે ?

૨. ભારતની પશુ સંપત્તિનું આર્થિક મહત્વ શું છે ?

૩. ભારતમાં કૃષિ વિકાસ માટે કયા પ્રયત્નો થઈ રહ્યા છે ?

૪. લોખંડની કાચી ધાતુના પ્રકાર જણાવો.

૫. ભારતના સુતરાઉ કાપડ ઉદ્યોગનું મહત્વ જણાવો.

(બ) નીચેના વિધાનોના ભૌગોલિક કારણો આપો. (ગમે તે ચાર) (૮)

૧. આજના યુગમાં સંદેશા વ્યવહારનું મહત્વ વધી રહ્યું છે.

૨. કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે.

૩. પંજાબ ઓછા વરસાદવાળો પ્રદેશ હોવા છતાં દેશનો 'ઘઉંનો ભંડાર' કહેવાય છે.

૪. ભારત શણની નિકાસ કરે છે.

૫. ભારતની કૃષિ પેદાશોમાં વિવિધતા રહે છે.

(ક) નીચેની આઠ વિગતો ભારતના રેખાંકિત નકશામાં પૂરો. (૪)

૧. કારાકોરમ ઘાટ. ૨. મહાનદી ૩. સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર ૪. જયપુર

૫. કોલસાની ખાણનો એક પ્રદેશ. ૬. ચાનું ઉત્પાદન કરતો એક પ્રદેશ.

૭. મોસમી જંગલોનો એક પ્રદેશ. ૮. મુંબઈથી નાગપુર થઈને કલકત્તા જતો રેલમાર્ગ અને તેના પરનું એક જંકશન.

* * * * *